# પ્રધાનમંત્રીએ ભારત-ઓમાન બિઝનેસ ફોરમમાં હાજરી આપી (18 ડિસેમ્બર, 2025)

18 ડિસેમ્બર, 2025

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે મસ્કટમાં ઇન્ડિયા-ઓમાન બિઝનેસ ફોરમને સંબોધિત કર્યું. ઓમાનના વાણિજ્ય, ઉદ્યોગ અને રોકાણ પ્રોત્સાહન મંત્રી મહામહિમ કૈસ અલ યુસેફ; ઓમાન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના ચેરમેન મહામહિમ શેખ ફૈસલ અલ રાવાસ; વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી શ્રી પીયૂષ ગોયલ; અને CII ના પ્રમુખ શ્રી રાજીવ મેમાનીએ બેઠકમાં ભાગ લીધો હતો. ફોરમમાં ઉર્જા, કૃષિ, લોજિસ્ટિક્સ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ઉત્પાદન, સ્વાસ્થ્ય, નાણાંકીય સેવાઓ, ગ્રીન ડેવલપમેન્ટ, શિક્ષણ અને કનેક્ટિવિટીના ક્ષેત્રોમાં બંને દેશોના અગ્રણી વ્યવસાયિક પ્રતિનિધિઓ દ્વારા ભાગીદારી જોવા મળી હતી.

2. ફોરમને સંબોધતા, પ્રધાનમંત્રીએ માંડવીથી મસ્કટ સુધીના બંને દેશો વચ્ચેના સદીઓ જૂના દરિયાઇ વેપાર સંબંધો પર પ્રકાશ પાડ્યો, જે આજે જીવંત વ્યાપારી આદાનપ્રદાનનો આધારસ્તંભ છે. તેમણે નોંધ્યું હતું કે 70 વર્ષના રાજદ્વારી સંબંધો સદીઓથી બનેલા વિશ્વાસ અને મિત્રતાને રજૂ કરે છે. પ્રધાનમંત્રીએ ઉદ્યોગપતિઓને ભારત-ઓમાન વ્યાપક આર્થિક ભાગીદારી (CEPA) ની સંપૂર્ણ સંભાવનાનો ઉપયોગ કરવા હાકલ કરી, જેને તેમણે ભારત-ઓમાનના સહિયારા ભવિષ્ય માટેની બ્લુપ્રિન્ટ તરીકે વર્ણવી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે CEPA દ્વિપક્ષીય વેપાર અને રોકાણ સંબંધોમાં નવી ઉર્જા લાવશે અને પરસ્પર વિકાસ, નવીનતા અને રોજગાર માટે તકો ઊભી કરશે.

3. છેલ્લા 11 વર્ષોમાં ભારતની આર્થિક સફળતા પર પ્રકાશ પાડતા, પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે આગામી પેઢીના સુધારા, નીતિગત આગાહી, સુશાસન અને ઉચ્ચ રોકાણકારોના વિશ્વાસના કારણે દેશ વિશ્વની 3 ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાના માર્ગે આગળ વધી રહ્યો છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે વૈશ્વિક અનિશ્ચિતતાના વાતાવરણમાં ભારતનો ઉચ્ચ વિકાસ - છેલ્લા ત્રિમાસિક ગાળામાં 8% થી વધુ - તેના સ્થિતિસ્થાપક સ્વભાવ અને આંતરિક શક્તિઓ દર્શાવે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારત "જીવનની સરળતા" અને "વ્યવસાય કરવાની સરળતા" ને વધારવા માટે વિશ્વસ્તરીય ઇન્ફ્રાસ્ટ્રક્ચર, લોજિસ્ટિક્સ, કનેક્ટિવિટી, વિશ્વસનીય સપ્લાય ચેન, ઉત્પાદન ક્ષમતાઓ અને હરિત વૃદ્ધિ કરનાર બનાવવા માટે ઝડપ અને સ્કેલ પર કામ કરી રહ્યું છે". તેમણે ઓમાનના વ્યવસાયોને ઊર્જા, તેલ અને ગેસ, પેટ્રોકેમિકલ્સ અને ખાતરોના પરંપરાગત ક્ષેત્રોથી આગળ જોવા અને ગ્રીન એનર્જી, સોલાર પાર્ક, ઊર્જા સંગ્રહ, સ્માર્ટ ગ્રીડ, કૃષિ-ટેક, ફિનટેક, AI અને સાયબર સુરક્ષા જેવા ક્ષેત્રોમાં તકો શોધવા આમંત્રણ આપ્યું. તેમણે ભવિષ્યમાં વ્યવસાયિક ભાગીદારીને તૈયાર કરવા માટે ભારત-ઓમાન એગ્રી ઇનોવેશન હબ અને ભારત-ઓમાન ઇનોવેશન બ્રિજ બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આ માત્ર વિચારો જ નથી, પરંતુ રોકાણ કરવા, નવીનતા લાવવા અને ભવિષ્યને એકસાથે બનાવવા માટેનું આમંત્રણ છે.

4. પ્રધાનમંત્રીએ આ કાર્યક્રમમાં ઉદ્યોગપતિઓની મજબૂત હાજરીની પ્રશંસા કરી અને તેમને ઉદ્યોગસાહસિકતાને નીતિ સાથે જોડવા અને CEPA ને પાંખો આપવા હાકલ કરી. તેમણે પુષ્ટિ કરી હતી કે ભારત અને ઓમાન માત્ર નજીકના પડોશીઓ જ નથી, પરંતુ ક્ષેત્ર અને તેનાથી આગળ સ્થિરતા, વિકાસ અને સહિયારી સમૃદ્ધિ માટે પ્રતિબદ્ધ વ્યૂહાત્મક ભાગીદારો છે. પ્રધાનમંત્રીના સંપૂર્ણ ભાષણો અહીં જોઈ શકાય છે: [Link].

મસ્કટ

18 ડિસેમ્બર 2025